સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

તાગશે તકને ભૂંડા નેતાઓ ભારત ભાંગશે!
બધા જિલ્લા-પ્રમુખો હવે સ્વતંત્ર રાજય માંગશે!
રાગશે આલાપ ધર્મ-જાતિ-ભાષાવાર રાજયોને -
મહત્ત્વાકાંક્ષાની કબરમાંથી મડદાં જાગશે!

હાઈકુ

'ગાંધીનગર'
પ્રૌઢ થયું છતાંય -
પરાવલંબી!
(૪૯મું બેઠું!!)

નગરજનો!
જન્મદિન શુભેચ્છા -
કરો 'સફાઇ'
(મશીન નો ની ભેટ મળી)

ચિંતન

કૈવર્તકર્કશકર ગ્રહણ ચ્યુતો અપિ જલાન્તરે નિયતિતઃ શફરો બરાકઃ ।
દૈવાત્તતો વિગલિતો ગલિતો બકેન ચક્રે વિધી વદ કથં વ્યવસાયિ સિદ્ધિઃ ॥

'સુભાષિત રત્ન ભાંડાગાર'ના 'નશીબનો મહિમા' નામના બીજા અધ્યાયનો આ શ્લોક છે :

માછીમારના કર્કશ હાથમાં આવીને પછી કોઇ પણ કારણે તે હાથોમાંથી વછૂટી ગયેલું માછલું-બિચારૂં નીચે પડેલી બીજી જાળમાં પડી તેમાં ફસાઇ ગયું. અને તેમાંથી પણ કૂદકો મારતાં - નશીબ જોગી બહાર નીકળી ગયું, પણ ત્યાં જ ઉભેલા એક બગલો તેને તરત જ પકડી લીધું અને બગલો એ માછલીને ગળી ગયો.

આમ જયારે નસીબ જ વાંકા હોય ત્યારે માણસ ગમે તેટલા પ્રયાસ - પ્રયત્ન કરે તો પણ સિદ્ધિ-સફળતા મળી શકતી નથી.'

પ્રારબ્ધ એ પુરૂષાર્થ એ બંને એક સિક્કાની જ બે બાજુ છે. પુરૂષાર્થ તો કરવો જ પડે પ્રયત્ન વિના સફળતા મળતી નથી પણ પુરૂષાર્થને પણ ભાગ્યનું-નશીબ બળ મળવું જોઇએ.

લોટરીના ડ્રો થાય છે. સાચા જવાબોમાં બધા જ સાચા જવાબ લખવાનો પુરૂષાર્થ કર્યો હોય છતાં જયારે 'કોમ્પ્યુટર ડ્રો'માં આપણું નામ જ આવે એમાં કોનો દોષ?

સુવિચાર

- કોઇકે મને પૂછ્યું, : શું તમે પ્રેમમાં છો??' મેં ગર્વથી જવાબ આપ્યો કે, 'હું પ્રેમમાં નથી પણ પ્રેમ મારામાં છે' - શેક્સપિયર
- શ્રદ્ધા હોય તો પથ્થરમાં પણ દેવ દેખાય, અને અશ્રદ્ધા હોય તો દેવમાં પણ પથ્થર દેખાય - ભાણદેવ
- જેઓ દઇને ભૂલી જાય છે અને લઇને કદી ભૂલતા નથી એવા લોકો પર ઇશ્વરના આશીર્વાદ સતત વરસતા રહે છે - ઉમાશંકર જોષી
- જ્ઞાન કરતા સમજદારી, કોઠા સુઝ જીવનના કઠોર સમયમાં વધારે ઉપયોગી બને છે - માનસ શાસ્ત્ર
- દેશદાજ એ ઇમાનનો એક જ ભાગ જ છે - કુરાન
- આત્મ શ્રદ્ધાના હોય ત્યાં સુધી કોઇ પણ શ્રદ્ધા ફળતી નથી - ધીરૂભાઇ અંબાણી
- સીધી સાદી સરળ વાતને અઘરી બનાવે તેને પંડિત કહેવાય, અઘરી વાતને સરળ બનાવે તેને વ્યવહારૂ ગણાય - રામાનુજ

બોધ કથા

સંસારિક મોહને કારણે આપણે ધન-સંપત્તિ-ઘર-બંગલા-પ્લોટ અને કુટુંબીજનો પ્રત્યેની મમતાનો ત્યાગ નથી કરી શકતા અને તેના વિયોગથી વધારે દુઃખ થાય છે.

એક દંપત્તિને લગ્ન પછી કેટલાંય વર્ષે, બાધા આખડી-માનતા-દવા-દારૂ કર્યા પછી ઘરે પારણું બંધાયું અને પુત્રનો જન્મ થયો. બંને એ પુત્રને પ્રભુની પ્રસાદી જ માનતા હતા.

પુત્ર તરૂણ વયનો થયો ત્યારે નિશાળમાંથી જ છૂટી સીધો નદીએ નહાવા ગયો અને તોફાન-મસ્તીમાં ડૂબી ગયો - ઘેર લાશ આવી. મા એકલી હતી. છાતી કઠણ કરી લાશ ઘરમાં રાખી બહાર ગામે ગયેલા પતિની રાહ જોવા લાગી! સાંજે પતિ આવ્યો. પત્નીનો ઉદાસ ચહેરો જોઇ પૂછ્યું કેમ! શું થયું?

સ્ત્રી કહે હું જે ચાંદીના કડાં પહેરતી હતી એ પડોસણે પાછાં માગી લીધા! પતિ કહે - પણ એ તો એનાં જ હતા એટલે માગે તો ખરી ને?

સ્ત્રીએ સોગઠી મારી - આપણો દીકરો પ્રભુની પ્રસાદ રૂપે આપણને મળ્યો હતો ને! એ એણે પાછો માગી લીધો કહી ધ્રૂસકે રડી. પતિને પુત્ર પર ખૂબ જ પ્રેમ હતો પણ સ્ત્રી નો ઉપદેશ યાદ કરી પત્નીને જ સાંત્વન આપવા લાગ્યા અને કહ્યું ભગવાનનો હતો અને એણે પાછો માગી લીધો એમાં દુઃખી ન થવાય - શાંત થા...

Email - sureshchandrabhatt18@gmail.com

અત્યંત કરૂણામય, દયામણી આંખે, રડતાં રડતાં દીકરો બોલ્યો હતો, મહંતે ભીની આંખે દીકરાનો હાથ દબાવી વચન આપ્યું હતું, તરત દીકરો હંમેશ માટે શાંત થઇ ગયો હતો

રખેવાળી (લાગણીભીની વાર્તા)

- હર્ષદરાય ઉપાધ્યાય

"ના મારે હવે કોઇ જ દવા લેવી નથી."

"પણ દીકરા આવી જીદ્દ ન કર. કેમ કે તારી તબિયત વધુ બગડશે."

"એ જે હોય તે, હવે મારો જવાનો સમય થઇ ગયો છે. થાય તો એક કામ કરો. મંદિરનાં મહંતને ઝટ બોલાવો. બહુ સમય મારી પાસે નથી." મૃત્યુના બિછાને પડેલા સાત વર્ષના જીગર જાન પુત્રની વાતોથી પિતાનું હૃદય ભરાઇ આવ્યું હતું. પોતે પ્રખર ડોકટર છતાં પુત્ર આગળ લાચાર હતા. જાણતા હતા કે પુત્ર થોડાક દિવસનો મહેમાન છે. પરંતુ મંદિરના મહંતને શા માટે બોલાવવો હતો તે તેમની સમજમાં આવતું ન હતું.

ડોકટર પોતે મહંત પાસે ગયા. અને તેમના અંતિમ શ્વાસ લેતા પુત્રની માગણી સમજાવી. કદી પાસે ગયા અને તેમનાં અંતિમ શ્વાસ લેતા પુત્રની માગણી સમજાવી. કદી કોઇને ઘેર ન જતા વૃદ્ધ મહંત થોડા વિચારમાં પડ્યા અને પછી આવવા તૈયાર થયા.

અંદરના ઓરડામાં પથારીમાં પુત્ર પાસાં ઘસતો કણસતો હતો. અશ્રુભીની આંખે સૌ તેને વિંટળાઇને બેઠાં હતા. મહંતને જોતાં પુત્રની આંખમાં અજબ તેજ આવ્યું.મહંતે તેના માથે હાથ ફેરવી બાજુમાં બેઠક લેતાં પુછી લીધું,. "બેટા, કેમ છે તને? ચિંતા ન કરતો, તને ઠીક થઇ જશે." પરંતુ આવા આશ્વાસનની જાણે જરૂર ન હોય તેમ પુત્ર તરત બોલ્યો, "બાપુ, મને ખબર જ કે હું થોડા દિવસનો મહેમાન છું." આમ કહી તેણે દરેકને બહાર જવા ઇશારો કર્યો. સૌ તરત બહાર જતાં ઓરડામાં એકાંત પ્રસરી રહ્યું.

"બોલ દીકરા, તારે શું કહેવું છે મને." મહંતે પૂછ્યું.

"બાપુ, વાત વિગતે સમજાવું છું." કહી પુત્રે ઊંડો શ્વાસ લીધો અને પછી ઉમેર્યું. "બાપુ, પંચમહાલ જીલ્લાના ચિતરિયા ગામમાંથી મજૂરી માટે એક પરિવાર આઠેક વર્ષ ઉપર આ શહેરમાં આવ્યો હતો. શહેરની બહાર નવી બંધાતી સોસાયટીના કામમાં પતિ-પત્ની લાગ્યાં હતા. મજૂરી કરતાં અને ત્યાં પતરાંની ઓરડીમાં પડી રહેતા હતા. હમણાં જ લગ્ન થયાં હતાં. જવાન સ્ત્રીને જોઇ બીજા મજૂરો કુદૃષ્ટિ નાંખતા, એકાદ વખત તો ખરાબ ઘટનાં બનતાં રહી ગઇ હતી. ના છૂટકે મજૂર પતિ તેની પત્નિને પાછો વતન મુકી આવ્યો અને એકલો મજૂરી કરતો હતો."

વાતમાં મહંતને ઝાઝી સમજ ન પડતાં મનોમન અકળાયા પણ છતાં સહેજ હસી બોલ્યા. "ઠીક છે પણ આ વાતનું શું છે?" "મારી આખી વાત સાંભળો પછી બધું સમજાશે." બોલી દીકરાએ વાત આગળ વધારી.

એક દિવસ પાયામાં ખોદતાં ખોદતાં તે મજૂરને જમીનમાં દાટેલો ડબ્બો મળ્યો. તેણે જોયું તો અંદર સારૂં એવું ધન હતું. સોનું પણ હતું. તરત વાત પ્રસરી ગઇ. સૌ ભેગાં થઇ ગયાં. કોન્ટ્રાક્ટર પણ આવ્યો. તેણે પણ આ ધન જોયું. પણ નેક દિલના તે કોન્ટ્રાક્ટરે આ ડબ્બો તે મજૂરને જ આપ્યો અને કહ્યું, "જીવા, તારા નસીબમાં આ ધન છે તેથી જ તને હાથ લાગ્યું છે નહીં તો તું ક્યાંનો ને આ ધન ક્યાં છે? તું જ રાખ."

જીવાનું નસીબ ફરી ગયું. પણ બીજા બધાની નજર બગડી હતી જીવો સમજી ગયો હતો કે ગમે તેમ ત્યારે કોક ચોર પેદા થશે. આથી તેણે મોડી રાત્રે કોઇને જાણ ન થાય તેમ ખૂણામાં આવેલા લીંબડાના થડ પાસે ખાડો ખોદી ધનનો ડબ્બો દાટી દીધો.

રોજની જેમ જ જીવો મજૂરીએ જતો. તેની ગેરહાજરીમાં ડબ્બાની તપાસ થવા લાગી. અમાસે ઘરે જવાનો જીવાએ વિચાર કર્યો. પરંતુ ધનની લાલચ ભલભલાને મતી બગાડે છે. ધન ન મળતાં બે ચાર જણાએ તેને ઊંઘમાં જ ખતમ કરી નાંખ્યો. મહંતને હજુ વાત મગજમાં ઉતરતી ન હતી. છતાં તે રસથી સાંભળતા હતા.

દીકરાએ ઊંડો શ્વાસ લઇ સહેજ પાણી પી વાત આગળ વધારી જીવાનો જીવ ધનમાં રહી જતાં તે કૂતરીના પેટે ત્યાં જ અવતર્યો. સોસાયટીના ચોકીદારે તેને ઉછેરવો શરૂ કર્યો. સુંદર, તંદુરસ્ત તથા માયાળુ કુતરો જોતજોતામાં એક વર્ષનો થયો. સૌ તેને ટાઇગર તરીકે બોલાવતા.

સૌનો તે લાડકો થઇ રહ્યો. સોસાયટીની બરોબર તે ચોકી કરતો થયો. ભૂલથી પણ કોઇ સોસાયટીમાં ચોરીનો વિચાર ન કરતું. સૌને રાહત અને આનંદ હતાં. નાના બાળકો તેની ઉપર સવારી કરતા. મસ્તી કરતાં. પણ ટાઇગરે કદી કોઇ બાળકને વ્યક્તિને સહેજ પણ નુકશાન કર્યું ન હતું. અરે એકાદ બિલાડી પણ તેની સાથે મિત્ર બની ગઇ હતી. હંમેશના દુશ્મન ગણાતાં કૂતરો-બિલાડીની જોડીની સૌ ચર્ચા કરતાં.

આટલું બોલી દીકરો થોભ્યો. ગળું ખંખેર્યું. ફરી પાણી પીધું. ચઢતા શ્વાસને કાબુમાં લીધો. સહેજ રોકાઇ વળી બોલ્યો.

ત્યાં સોસાયટીમાં એક સજ્જન રહેવા આવ્યા. ધનવાન હતા. બે બંગલા તેણે ખરીદ્યા હતા. તે અને તેમનાં પતિ સુખેથી રહેતાં હતાં. બસ તેમની એક વાત સૌને ખૂંચતી હતી. અને તે હતી તેમની પ્રાણીઓ પ્રત્યેની નફરત. તેમને કૂતરાં બિલાડા બિલકુલ ગમતાં નથી અને અહીં તો ઉલ્ટું હતુ. ટાઇગર અને અન્ય પ્રાણીઓ તેમને વારંવાર સામે મળતાં. ટાઇગર તેમણે કોણ જાણે કેમ પણ ગમતો ન હતો. તેમણે ફરિયાદ સુદ્ધાં કરી હતી. કેમ કે એકાદ વખત ટાઇગર છેક તેમના બારણે પહોંચી ગયો હતો.

વળી દીકરો થોભ્યો. મહંતને લાગતું હતું કે તે લવરી કરી રહ્યો છે. કોણ જાણે શું કહેવા માંગે છે? છતાં તે સાંભળતા રહ્યા.

દીકરો વળી બોલ્યો હતો. તેમના ઘરે કૂતરો આવ્યો તે તો જાણે ભયંકર વાત હતી. તેમણે તેથી જ ફરિયાદ કરી હતી. પરંતુ સૌનો વહાલો ટાઇગર સોસાયટીમાં ન ગયો તે ન ગયો.

તે સજ્જનને ભયાનક વિચાર આવ્યો. તેમણે ઝેર ભેળવી ટાઇગરને ખાવાનું આપ્યું. અને બિચારો ટાઇગર બીજા દિવસે લીંબડાના ઝાડ પાસે મરેલો મળ્યો હતો.

મહંતને આ જાણી દુઃખ થયું હતું, તે બોલ્યા, "હા દીકરા, પણ તું કહેવા શું માગે છે. મને કાંઇ સમજાતું નથી."

"હવે છેલ્લી વાત. પછી તમને બધું સમજાઇ જશે." આમ બોલી આંખમાં આંસુ લુછી, ગળુ ખંખેરી દીકરો બોલ્યો.

"મહંતજી, મારો હાથ ઝાલો અને મને વચન આપો કે હવે હું તમને જે કહું તે તમે કરજો."

"હા... હા... બોલ બેટા, તું શું કહેવા માંગે છે." મહંતે તેને પ્રેમથી માંથે હાથ ફેરવી કહ્યું.

"તો સાંભળો બાપા, જીવો મરી ગયો તે બીજો કોઇ નહીં હું પોતે હતો. મારા મૃત્યુ પછી મારા ધનની રખેવાળી ટાઇગર રૂપે મેં જ કરી હતી અને ટાઇગરના મૃત્યુ બાદ હું તે સજ્જનને ઘરે અવતર્યો છું. મને મારનાર બીજું કોઇ નહીં. આ મારા ડોકટર પિતા જ છે." બોલતાં બોલતાં દીકરો ધ્રુસકે ધ્રુસકો ચઢ્યો હતો.

"મારે વધુ સમય નથી મારી પત્ની સવલી ચિતરીયા ગામમાં છે. તેને મારૂં છુપાયેલું ધન પહોંચાડવા મને તમારા સિવાય કોઇ યોગ્ય લાગતું ન હતું માટે તમને બોલાવ્યા છે."

"તમે મારૂં આટલું કામ કરશો ને?"

અત્યંત કરૂણામય, દયામણી આંખે, રડતાં રડતાં દીકરો બોલ્યો હતો. મહંતે ભીની આંખે દીકરાનો હાથ દબાવી વચન આપ્યું હતું. તરત દીકરો હંમેશ માટે શાંત થઇ ગયો હતો.

૧૯૫૬ સ્ટેટ રીઓર્ગેનાઇઝ સ્ટેટ અંગે સમજૂતી

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

તાજેતરમાં આંધ્રપ્રદેશ રાજયમાંથી નવા તેલંગણા રાજયની રચના કરવાનો કોંગ્રેસ વર્હિંગ કમિટીએ કરેલા નિર્ણયને કેન્દ્રની યુપીએ સરકારે મંજુરી આપેલ છે.

ભારતને આઝાદી મળ્યા બાદ લોકો પોતાની ભાષા, ધર્મ અને સંસ્કૃતિનું કારણ આગળ ધરીને, પોતાનું અલગ રાજય માંગવાનું શરૂ કર્યું. જેમાં સૌપ્રથમ માંગ તેલુગુ બોલનાર લોકોની હતી જે સરદારના અખંડ ભારતના નિર્ણયને પડકાર જનક તેમજ ચિંતાજનક બાબત ભારત માટે હતી. તેલુગુ બાદ ઘણા રાજયોએ ભાષા આધારિત પોતાનું અલગ રાજય માંગવાનું શરૂ કર્યું અને તે માટે અલગ અલગ જગ્યાએ હિંસક આંદોલનો થયા મુંબઇમાંથી ગુજરાત અલગ થયેલ. આ માંગ માટે સ્ટેટ રીઓર્ગેનાઇઝ કમિશનની રચના ભારત સરકારે કરેલ, જે કમિશને રાજયના લોકોની માંગ અને સ્થાનિક પ્રશ્નો તથા ભૌગોલિક વિસ્તારનો અભ્યાસ કર્યા બાદ ભારત સરકારને તે અંગે રીપોર્ટ આપેલ. જેમાં વિવિધ લોકોની રાજયોની દલીલો સાંભળ્યા બાદ તેમના તારણો કેન્દ્ર સરકારને મોકલી આપ્યા, આ બધા કારણો તથા તારણો ઉપર અભ્યાસ કરી કેન્દ્ર સરકારે ૧૯૫૬માં એક કાયદો પસાર કર્યો જે સ્ટેટ રીઓર્ગેનાઇઝ એક્ટ તરીકે ઓળખાયો આ એક્ટ હેઠળ હૈદરાબાદ સ્ટેટનાં તમામ જિલ્લાઓને ભેગા કરીને તેણે તેલુગુ બોલતાં લોકો માટે જોડીને આંધ્રપ્રદેશ રાજયને માન્યતા આપવામાં આવી પરંતુ ગુજરાત અને મહારાષ્ટ્ર કે જેઓ ભાષાના આધારે પોતાનું અલગ રાજય માંગતા હતા. ત્યાં આનું ઉદાહરણ લઇ વિરોધ ભાટી નીકળ્યો કે અખંડ ભારતના કાયદા બાદ મહારાષ્ટ્ર અને ગુજરાતને એક જ રાખવામાં આવ્યું હતું જેને બોમ્બે સ્ટેટનું નામ આપવામાં આવ્યું હતું જે મહારાષ્ટ્ર પહેલા હતું તેનાથી પણ મોટું સ્ટેટ બનાવી દેવામાં આવેલ. પરંતુ આની સામે મહારાષ્ટ્ર અને ગુજરાત બંને જગ્યાએ લોકજુવાળ ફાટી નીકળ્યો. ઠેર ઠેર આગ અકસ્માતની ઘટનાઓ તથા મોટા પ્રમાણમાં હિંસાખોરી થઇ. ભાઇ-ભાઇના દુશ્મન બન્યાં અલગ ભાષા બોલતા લોકો વચ્ચે મિત્રતા મટી દુશ્મનીનાં બીજ રોપાયા. ગુજરાત અને મહારાષ્ટ્ર બંને પ્રાંતનાં લોકોએ આની સામે લડવાનું ચાલું રાખ્યું, ગુજરાતમાં ઇન્દુલાલ યાજ્ઞિકની મહાગુજરાત પરિષદ અન મહારાષ્ટ્રમાં સંયુક્ત મહારાષ્ટ્ર પરિષદે આની સામે આંદોલન કર્યું. સતત ચાર વર્ષના આંદોલન તથા કેટલીક મિલકતોનાં નુકશાન બાદ છેવટે અલગ ગુજરાત અને મહારાષ્ટ્રની ૧૯૫૬ના સ્ટેટ રીઓર્ગેનાઇઝેશન એક્ટ અનુસાર નવીન રચના કરવામાં આવી જે કાયદાની દેશના સૌથી મોટા એક ભાષાકીય રાજયને માન્યતા મળી હતી જે આજે ૫૦ વર્ષ બાદ પોતપોતાની સંસ્કૃતિ અને ભૂગોળના આધારે પોતાના અલગ રાજય તો સ્થાપવામાં સફળ થયા પરંતુ વૈપારીક ઔદ્યોગિક રીતે એકબીજા સાથે પૂરક બની ગુજરાત અને મુંબઇના વિકાસમાં ગુજરાતી તથા મહારાષ્ટ્રીયનો એ જે ફાળો આપ્યો છે ઉદાહરણીય છે. જે વિકાસના પથ ઉપર કેટલાય રાજકીય પક્ષોએ પોતાની સત્તા ભૂખ સંતોષવા પ્રાંતવાદના નામે આંદોલન કરી ભોળી પ્રજાને ઉશ્કેરી પોતાના રોટલાં શેકતા રહ્યાં છે. જેનું નુકશાન ભવિષ્યની પેઢીને આવતીકાલના વિકાસને ચોક્કસ થાય છે તેમ છતાં ભાલોલુપો ભાષાવાદને ઉશ્કેરી ભાગલા પાડવામાં કાયમ સફળ રહ્યા છે એનું તાજેતરમાં ઉદાહરણ આંધ્રપ્રદેશ રાજયમાંથી નવા તેલંગણા રાજયની રચના કરવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય તેમજ ૧૯૫૬ ના સ્ટેટ રીઓર્ગોનાઇઝેશન એક્ટનો ટેકનિકલ ઉપયોગ કરી રાજકીય આટાપાટાથી સભા પ્રાપ્તિનું લક્ષ્યાંક સિદ્ધ કરવાનો હિન પ્રયાસ,

તા.૨૯/૧૧/૨૦૦૯ ના રોજ અલગ તેલંગણા રાજયની રચનાની માંગ સાથે ટીઆરએસ ચોક્કસ મુદ્દતના ઉપવાસ ઉપર ઉભા છે. તેમજ કેન્દ્ર સરકાર ઉપવાસ સામે ઝુકી જઇ તા. ૧૬/૧૨/૨૦૦૯ ના રોજ અલગ તેલંગણા રાજયની રચનાનો અભ્યાસ કરવા જસ્ટીસ બી.એન. શ્રીકિષ્ણાના નેતૃત્વ હેઠળ પાંચ સભ્યોની સમિતિની કેન્દ્ર સરકાર દ્વારા રચના કરવામાં આવે છે. જે તા. ૩૧/૧૨/૨૦૧૦ ના રોજ પોતાનો રીપોર્ટ કેન્દ્ર સરકારને સુપ્રત કરે છે. જેના એક માસ બાદ અલગ તેલંગણાની જાહેરાત ગૃહપ્રધાન દ્વારા કરવામાં આવે છે.

આમ, અલગ તેલંગણા રાજયની સ્થાપના માટે કાયદાકીય પ્રક્રિયા પુરી થયા બાદ રાજય તરીકે ઘોષિત કરવામાં આવતા ગોરખાલેન્ડ, બોડોલેન્ડની માંગણી કરી રહેલા આંદોલનકારીઓએ ગોરખા જનમુક્તિ મોરચાની સ્થાપના કરી આંદોલન ઉગ્ર બનાવ્યું છે. જેની અસર આસામ, બિહાર ઉપર પણ આવનાર ભવિષ્યમાં પડશે. જેનાથી સરદાર પટેલનાં અખંડ ભારતના સ્વપ્નને ભાષાવાદે લુણો લગાડ્યો છે. જેની અલગ આર્થિક રીતે, ભૌગોલિક રીતે, ઉદ્યોગીક રીતે તથા પાણીનાં પ્રશ્નો ઊભા થશે. જેનો ભોગ આમ આદમી બનશે.

ચિમ્પાન્ઝી અને માંકડા ૨૫૦ લાખ વર્ષ પહેલાં અલગ પડ્યા, જયારે ચિમ્પાન્ઝી અને માનવોના પૂર્વજો ૬૦ લાખ વર્ષ પહેલાં અલગ પડ્યાં, આ બધામાં માંકડા ચિમ્પાન્ઝી અને ઉરાંગ-ઉટાંગ કરતાં માનવોથી વધુ નજીકના મનાય છે

વન્યસૃષ્ટિ પરિચય

માનવ મિત્ર માંકડા

- હેમંત સુથાર

વિશ્વમાં અગ્રીમ શ્રેણીના ૧૬ કુટુંબો, ૬૯ પ્રજાતિઓ અને ૩૬૭ જાતિઓ છે. અગ્રીમ કુળને અંગ્રેજીમાં પ્રાઇમેટ્સ કહેવામાં આવે છે. માનવ અને માંકડાનો આજ શ્રેણીમાં સમાવેશ થાય છે. પ્રાણીઓ કે વનસ્પતિઓનાં વર્ગીકરણના ધોરણોમાં સમાન લક્ષણોને ધ્યાને લેવામાં આવે છે. તે પ્રમાણે ચિમ્પાન્ઝી, ગોરીલા, ઉરાંગ-ઉટાંગ, વાંદરા, માંકડા અને માનવો જેવા અગ્રીમ શ્રેણીના આ સભ્યોના હાથ-પગમાં પાંચ-પાંચ આંગળીઓ જોવા મળે છે. આંગળીઓ અને અંગૂઠાની મદદથી ચીજ-વસ્તુઓ પકડી શકે છે. બે પગે ચાલી શકે છે. મોટા પર આગળની તરફ બંને આંખો હોય છે. બધા પ્રાણીઓમાં સસ્તન પ્રાણીઓનાં મગજ મોટા હોય છે. અને સસ્તન પ્રાણીઓમાં અગ્રીમ શ્રેણીના સભ્યોનાં મગજના વજન તેનાથી પણ વધારે હોય છે. માણસના મગજ બાજ ચિમ્પાન્ઝીનું મગજ મોટું કહેવાય છે.

વાંદરાઓ અને માંકડાઓ ઘણીબધી બાબતોમાં આપણાં જેવા જ દેખાય છે. તેમનામાં લાગણીઓ જોવાય છે. તેમના ચહેરા પર માણસોની જેમ હાવભાવ બદલાતાં જોવા મળે છે. એક જ વાતમાં તે આપણાથી અલગ પડે છે અને તે છે તે ભાષા જાણતા નથી.

થોડા સમય પહેલાં વૈજ્ઞાનિકોએ માંકડાના જનીનોની ઓળખ મેળવી લીધી હતી. પ્રત્યેક જીવનમાં જનીનો હોય છે. આવા જનીનના અર્દસુત્રી રંગ સૂત્રોને સંજનીન (Genome) કહે છે. આ અગાઉ થયેલા એક સંશોધન દરમિયાન ચિમ્પાન્ઝી જનીનની ગોઠવણ - સંજનીન અનુક્રમ ઓળખી કાઢવામાં આવ્યાં હતા. ચિમ્પાન્ઝીના આ જીનોમ સીક્વન્સ (જનીન અનુક્રમ) ને માનવોની સાથે સરખાવવામાં આવતાં તૈપૈકી ૯૮% મળતાં આવે છે. રહસેસ મકાક (માંકડા) ના 3 અબજ ડી.એન.એ. માનવોના ડી.એન.એ. આધારિત જનીનો સાથે મલતાં આવે છે જે ૯૩.૫% જેટલા થાય છે. ચિમ્પાન્ઝી અને માંકડા ૨૫૦ લાખ વર્ષ પહેલાં અલગ પડ્યા. જયારે ચિમ્પાન્ઝી અને માનવોના પૂર્વજો ૬૦ લાખ વર્ષ પહેલાં અલગ પડ્યાં. આ બધામાં માંકડા ચિમ્પાન્ઝી અને ઉરાંગ-ઉટાંગ કરતાં માનવોથી વધુ નજીકના મનાય છે. કારણ કે માંકડા, જનીનીય, દેહધાર્મિક અને ઉપાયયથી રીતે માનવોથી ખુબ જ મળતાં આવે છે.

માંકડાઓનાં જનીનોની ક્રમની ઓળખ વધુ ઉપયોગી અને મહત્ત્વની એ માટે મનાય છે કે તેના આધારે ઉત્ક્રાંતીય જૈવ વૈજ્ઞાનિકો હવે માનવોના આ બે પૂર્વજોના જનીનોની સરખામણી દ્વારા જનીન બદલાવની કડીઓ સહેલાઇથી ઉકેલી શકશે. માંકડાઓના જનીન પરના આ સંશોધનો ઉત્ક્રાંતિ ઇતિહાસ ઉપરાંત બાયોમેડીકલ સંશોધનોના ક્ષેત્રે પણ ખુબ જ ઉપયોગી બનનાર છે. આજે માનવ એઇડ્સથી લઇને તણાવ જેવા વિષયોના સંશોધનોમાં માંકડાઓ ઉપયોગમાં લેવાઇ રહ્યા છે.

આપણાં દેસમાં અગ્રીમ કુળની ૧૫ થી ૧૬ જાતિઓ જોવા મળે છે. તેમાં ૭ થી ૮ પ્રકારના માંકડા જોવા મળે છે. આ બધામાં સ્પમ્પ ટેઇલ મકાક સહુથી મોટું છે. બોનેટ મકાક બધામાં નાનામાં નાનું માંકડું છે. જયારે રહેસસ મકાક (Rhesus macaqes) સમગ્ર ઉત્તર ભારત અને ઉત્તર પૂર્વીય ભારતમાં જોવા મળતું માંકડું છે. અન્ય માંકડાઓમાં લાયન ટેઇલ મકાક (સિંહપૂંછ માંકડું), કેબઇટીંગ મકાક (કરચલા ખાઉ માંકડું), આસામીસ મકાક અને પીગ મકાક (ડુક્કરપૂંછ માંકડુ) જોવા મળે છે. તેમા લાયન ટેઇલ મકાક સહુથી વધુ ભય હેઠળ હોવાનું મનાય છે.

આ બધા જ માંકડાઓની જાતોમાં રહેસસ મકાક વધુ મહત્ત્વનું મનાય છે. આ જાતિનાં માંકડા ભારત અને ચીનમાં જોવા મળે છે. પરંતુ તેમના વચ્ચેનાં સામાન્ય ફેરફારોને કારણે ભારતીય રહેસસ મકાક પર એઇડસ્ અને અન્ય ચેપી રોગોની અસર ઝડપથી જોવા મળે છે અને આ કારણે વિશ્વના વૈજ્ઞાનિકો ભારતીય માંકડાને સંશોધનોનાં પ્રાથમિકતા આપી રહ્યા છે. ત્યારબાદ ચાઇનીઝ માંકડાઓ પણ સંશોધનોમાં ઉપયોગ થઇ રહ્યો છે.

આજથી ૪૫ વર્ષ પહેલાં આપણાં ભારત દેશમાં ૨૦ લાખથી વદુ માંકડા હોવાનું અનુમાન કરવામાં આવતું હતું. પરંતુ આ પ્રકારનાં સંશોધનો માટે ભારત દેશમાંથી થતી માંકડાઓની મોટા પ્રમાણમાં નિકાસને કારણે વર્ષ ૧૯૭૦ના મધ્યકાળમાં આ માંકડાઓની સંખ્યા ઘટીને ફક્ત ૨ લાખ જ રહેવા પામી હતી. જે ૯૦ ટકા જેટલો ઘટાડો દર્શાવતી હતી. આ પ્રકારની ચિંતાજનક સ્થિતિને ગંભીરતાથી લઇને આપણા દેશમાંથી માંકડાઓની નિકાસ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે અને અન્ય તેના રક્ષણના પગલાંઓ ભરવામાં આવતાં તેની હકારાત્મક અસરના કારણે માંકડાઓની વસ્તી વધીને ૮ થી ૧૦ લાખ થઇ હોવાનો અંદાજ મંડાય છે.

આપણાં બ્લડ ગ્રુપની ઓળખમાં રહેસસ મકાક આધારિત ફેક્ટરના ઉપયોગથી માંકડાઓ માનવોની ઓળખ સમાન બનેલ છે. લોહી જૂથ જાણવા મળ્યેથી જીવલેણ સંજોગોમાં સારવાર સંભવ બનીને લોહી ચઢાવી શકાય છે. તેમ હવે ભવિષ્યમાં અગણિત રોગોમાં ભારતીય રહેસસ મકાક (માંકડા) ખુબ જ મહત્ત્વના બનનાર છે. કુદરતે રચેલી તેમની જનીન રચના માનવ સેવા અને હિત અર્થે છે તેવું કહીએ તો ખોટું નથી. પણ બુદ્ધિશાળી માનવે આવા નિર્દોષ જીવોના ભોગે પોતાનો સ્વાર્થ ધ્યાને ન લેતાં તેવા જીવોનાં હિત અને રક્ષણ માટે પણ તેટલાં જ સક્રિય અને ઉત્સુક બનવું જોઇએ. જો તેમ થશે તો જ આવા જીવોનો ઉદ્ભવ એ સાર્થક ગણાશે.